| PUBLICATION NAME : | Divya Bhaskar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 06/07/24 |
| PAGE : | 1 |

### EDII અને નેશનલ કમિશન ફોર વીમેન દ્વારા વીમેન આંત્રપ્રિન્યોર અવેરનેસ પ્રોગ્રામ યોજાયો

# આંત્રપ્રિન્યોરશીપ મહિલાઓનું સોશિયલ સ્ટેટસ, આર્થિક સ્વંત્રતા વધારે છે: એક્સપર્ટ

**અમદાવાદ :** EDII અને નેશનલ કમિશન ફોર વીમેનના સહયોગથી સમગ્ર દેશમાંથી પોટેન્શિયલ ધરાવતા મહિલા આંત્રપ્રિન્યોર્સ માટે 100 આંત્રપ્રિન્યોરશીપ અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરાયું છે. આંત્રપ્રિન્યોરશીપને કેરિયર ઓપ્શન તરીકે અપનાવવા અને સફળ આંત્રપ્રિન્યોર બનવા માટે સામાજિક, આર્થિક અને પારિવારિક ચેલેન્જિસને દૂર કરવાના હેતુથી આ કાર્યક્રમ યોજાયો છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના સહયોગથી NIELIT ૭૭મો કાર્યક્રમ કારગિલ ખાતે યોજાયો હતો. EAPનો ઉદ્દેશ વીમેન પાર્ટિસિપેન્ટ્સને કેરિયર ઓપ્શન તરીકે આંત્રપ્રિન્યોરશીપના ફાયદા વિશે માહિતગાર કરવાનો અને આંત્રપ્રિન્યોરલ સ્કિલ ડેવલપ કરવાનો હતો. જેથી તેઓ નોલેજ, સ્કિલ અને કોન્ફિડન્સ માટે પ્રેરણા મેળવી શકે. હાલ સુધીમાં EDIIએ એસોસિએશનના ભાગરૂપે સમગ્ર ભારતમાં 5744 મહિલાઓને તાલીમ આપી છે

પ્રોગ્રામમાં એક્સપર્ટ્સે આંત્રપ્રિન્યોરશીપની મૂળભૂત બાબતો, વ્યવસાયની તકો ઓળખવા, આંત્રપ્રિન્યોરલ માનસિકતા કેળવવા, મહિલાઓને કેરિયર ડેવલપમેન્ટમાં આવતા ચેલેન્જિસને પહોંચી વળવા માટેની સ્ટ્રેટેજી જેવા મુદ્દાઓ અંગે ચર્ચા કરી હતી. આ વિશે વાત કરતાં ચીફ ગેસ્ટ ડૉ. મહોમ્મદ જાફર અખૂને કહ્યું, 'કારગિલમાં આંત્રપ્રિન્યોરશિપ ઈકોનોમિક



એમ્પાવરમેન્ટ માટે આશા સમાન છે. આંત્રપ્રિન્યોરશીપ મહિલાઓની ઈકોનોમિક ફ્રિડમ, સોશિયલ સ્ટેટસ વધારે છે. આ પહેલ દ્વારા, અમારો ઉદ્દેશ ચેલેન્જિસને પહોંચી વળવા અને આંત્રપ્રિન્યોરલ સ્કિલ ડેવલપ કરવાનો છે. ટુરિઝમ, હસ્તકલા અને અન્ય સેક્ટર્સમાં ઘણી તકો ઉપલબ્ધ છે. નેશનલ કમિશન ફોર વીમેન અને આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સમર્થનની સાથે, લીગલ આસિસ્ટન્ટ પ્રોવાઈડ કરવા માટે સમર્પિત છીએ. જેથી આ મહિલાઓ ફાઈનાન્શિયલ ઈન્ડિપેન્ડેન્સી હાંસલ કરી શકે અને સામાજિક સ્થિતિને વધારી શકે' જ્યારે એ.અશોલી ચલાઈએ કહ્યું, 'અમારો હેતુ મહિલાઓને ફાઈનાન્શિયલી આત્મનિર્ભર કરવાનો અને મહિલાઓને સશક્ત કરવાનો છે.'